(આ વાંચતી વખતે દિવ્ય અગ્નિને પોતાની તરફ આવવા દો તથા આ દિવ્ય અગ્નિને આપણી ચારે તરફ ઘેરાવા દો)

## હું દિવ્ય અગ્નિનું પ્રાણી છું
## હું એ જ પવિત્રતા છું જેની ઈશ્વર ઈચ્છા રાખે છે.

(૩ મિનિટ કે તેથી વધુ જરૂરિયાત મુજબ દિવસમાં ગમે તેટલી વાર કરી શકો છો)

(આ બંને લાઈનો આપણે આપણા ઘર, ઓફિસ, ગામ, શહેર, દેશ, પતિ, પત્ની, બાળકો તથા અન્ય કોઈપણ વ્યકિત માટે પણ બોલી શકીએ છીએ. જેમ કે, "મારું ઘર દિવ્ય અગ્નિનું સ્થાન છે. મારું ઘર એ જ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે.") (દરેક ૧ મિનિટ માટે કરો)

ધરતી, આકાશ અને સમુદ્રના પ્રાકૃતિક પ્રાણી દિવ્ય અગ્નિના પ્રાણી છે.
ધરતી, આકાશ અને સમુદ્રના પ્રાકૃતિક પ્રાણી એ જ પવિત્રતા છે. જેની ઈશ્વર ઈચ્છા રાખે છે. (૧ મીનીટ)

ધરતીમાં દિવ્ય અગ્નિનો ગ્રહ છે.
ધરતીમાં એ જ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે. (૧ મીનીટ)

આપણો ચંદ્રમાં દિવ્ય અગ્નિનો ઉપગ્રહ છે.
આપણો ચંદ્રમાં એ જ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે. (૧ મીનીટ)

આપણો સૂર્ય દિવ્ય અગ્નિનો સિતારો છે.
આપણો સૂર્ય એ જ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે. (૧ મીનીટ)



## હું છું

હું આ ભૌતિક શરીર નથી
હું એ જ છું જે હું છું

હું આ ખોટી ભાવના નથી
હું એ જ છું જે હું છું

હું આ ખોટો વિચાર નથી
હું એ જ છું જે હું છું

હું આ વિચલિત મન નથી
હું એ જ છું જે હું છું

હું એક આત્મા છું

મારું શરીર મારા આત્માનું મંદિર છે.

હું એક દિવ્ય ચિંગારી છું.

ઈશ્વર મારો વિધાતા છે

હું ઈશ્વર સાથે એકાકાર છું.

દિન પ્રતિદિન હું મારા કર્મોનું સંતુલન કરી રહી/રહ્યો છું.
હું આ દિવ્ય નિર્દેશન તથા યોજનાનો સ્વીકાર કરી રહી/રહ્યો છું.

હું ઈશ્વરે બનાવેલી સંપૂર્ણ (પરિપૂર્ણ) કૃતિ તન–મન–આત્મા રૂપે વ્યકત કરું છું.

હું ઈશ્વરની પવિત્રતા છું તથા ઈશ્વરનું પ્રતિરૂપ છું.
હું એ જ પવિત્રતા છું જેની ઈશ્વર ઈચ્છા રાખે છે.

હું એ જ છું જે હું છું. (૩ વખત)

હું ઈશ્વર સાથે એકાકાર છું
હું બધા જ સાથે એકાકાર છું.



## હું રોશની છું

હું રોશની છું, ઉજ્જવળ રોશની, પ્રચંડ રોશની, પ્રજ્વલિત થતી રોશની.

ઈશ્વર મારા અંદરના અંધકારનો ક્ષય (નાશ) કરી એને રોશનીમાં પરિવર્તિત કરે છે.

આજના દિવસે હું સાર્વલૌકિક સૂર્યનું કેન્દ્રબિંદુ છું

મારી અંદરથી થઈને એક નિર્મળ નદી વહે છે.

હું રોશનીનો એવો જીવંત ફુવારો છું જે મનુષ્યની ભાવના અને વિચારધારાથી પર(અલગ) છે.

હું ઈશ્વરની દૂરસ્થ સીમાચોકી છું.

હું રોશનીની એવી શકિતશાળી નદી છું જે એવા અંધકારને ગળી જશે જેણે મારો ખોટી રીતે ઉપયોગ કર્યો.

હું રોશની, હું રોશની, હું રોશની છું.

હું રોશની માં રહું છું, રહું છું, રહું છું

મારો પૂર્ણ આયામ (આકાર) રોશની છે.

મારો પૂર્ણ અભિપ્રાય રોશની છે.

હું રોશની છું, રોશની છું, રોશની છું

હું દુનિયામાં જયાં પણ જાઉં છું ત્યાં રોશનીનું પૂર લઈ આવું છું

ઈશ્વરના આશીર્વાદ બધા સુધી પહોંચાડું છું. ઈશ્વરના રાજ્યનો ઉદ્દેશ મજબૂત કરું છું તથા આ ઉદ્દેશ બધા સુધી પહોંચાડું છું.

હું રોશની છું, રોશની છું, રોશની છું.

## ધરતી માતા માટે પ્રાર્થના

હે પરં બ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા
મારો ઉચ્ચ આત્મા
મારા આધ્યાત્મિક માર્ગદર્શક સહાયક તથા ગુરૂજનો
સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શક, સહાયક તથા ગુરૂજનો
સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો
ધરતીમાં ના દિવ્ય રક્ષક
ધરતીમાં ના સમસ્ત પ્રાકૃતિક પ્રાણી
મહાન કર્મ મંડળ
ઈશ્વર હું વિનમ્રતા પૂર્વક દિવ્ય આશીર્વાદનું આહવાન કરું છું કે હું ધરતી માં ઉપર ઈશ્વરના આશીર્વાદનું સાધન બનેલો છું.
ઈશ્વર આપ મારું તદ્અનુસાર માર્ગદર્શન કરો તથા મને સુરક્ષા પ્રદાન કરો.

હું એ જ છું જે હું છું
ધરતીમાં પર દિવ્ય શકિત,
દિવ્ય પ્રકાશ તથા દિવ્ય વિવેક બની રહે.
દિવ્ય પ્રકાશ એ બધી જ નકારાત્મક ઊર્જાઓને પ્રજવલિત કરી નાંખે જે ધરતી પર એકતા અને એકાત્મકતાને રોકી રહી છે.

ધરતી માં પર શાંતિ અને સદ્ભાવના બની રહે.

ધરતી માં પર ધન, ધાન્ય અને જળની સમૃદ્ધિ રહે.

ધરતી માં નું પ્રત્યાવર્તન થાય તથા તેને નવું જીવન મળે.

દરેક પ્રાણીઓમાં પ્રેમ, દયા, કરુણા, આનંદ તથા આધ્યાત્મની ભાવના રહે.

ધરતીમાં પર ઈશ્વરીય જયોતને સળગતી રાખનાર બધા જ લોકો પર દિવ્ય પ્રકાશ, દિવ્ય શકિત, દિવ્ય વિવેક, દિવ્ય જ્ઞાનના આશીર્વાદ વરસતા રહે.

ઈશ્વર બધામાં રહેલા ડર અને શંકાને દૂર કરો તથા દરેક પ્રાણીઓમાં એકાત્મકતાને જાગૃત કરો.

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.



## પૂજા સ્થળ, મંદિર વગેરે માટે પ્રાર્થના

હે પરં બ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા
મારો ઉચ્ચ આત્મા
મારા આધ્યાત્મિક માર્ગદર્શક સહાયક તથા ગુરૂજનો
સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શ, સહાયક તથા ગુરૂજનો
સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો તથા દૈવિક પ્રાણી
મહાન કર્મ મંડળ
હે ઈશ્વર હું વિનમ્રતાપૂર્વક દિવ્ય આશિર્વાદનું આહવાન કરું છું કે હું આ સ્થાન પર આપના આશીર્વાદનું સાધન બની/બન્યો છું.
આપ એ મુજબ મને માર્ગદર્શન આપો તથા મને સુરક્ષા આપો.
હું એ જ છું જે હું છું
આ સ્થાન પર દિવ્ય પ્રકાશની સમૃધ્ધિ રહો.
દિવ્ય પ્રકાશ દિવ્ય અગ્નિ બનીને અહીંની બધી જ નકારાત્મક ઉર્જાઓને પ્રજવલિત (બાળીને) કરી તેને દિવ્યપ્રકાશમાં પરિવર્તિત કરી નાંખે.
આ દિવ્ય અગ્નિ આ સ્થળના ખૂણેખૂણામાં પ્રવાહિત થાઓ.
અહીં અગ્નિ રહો, અગ્નિ રહો,
અગ્નિ રહો ફકત દિવ્ય અગ્નિ રહો.
આ સ્થાન પર આશીર્વાદ રહે કે અહીં દિવ્ય પ્રેમ દિવ્ય કરુણા, દિવ્ય દયાની સમૃધ્ધિ રહે, ઉપચારાત્મક ઉર્જાઓની સમૃધ્ધિ રહે, સમ્પન્નતા, પ્રસન્નતા, દૈવિક સામંજસ્યની સમૃધ્ધિ રહે. આધ્યાત્મિકતા તથા આનંદ રહે.
બધાની અંદર રહેલો દરેક પ્રકારનો ડર તથા શંકા દૂર કરો.
જે પણ અહીં ઉપચાર માટે આવે એને આરોગ્ય પ્રાપ્ત થાઓ.
બધાં ને જ વિવેક તથા જ્ઞાનના આશીર્વાદ પ્રાપ્ત થાઓ.
દરેક દુઃખોને બદલે પ્રસન્નતા તથા આનંદ છવાઈ જાય.
બધાંને સંપન્નતાની સમૃધ્ધિના આશીર્વાદ પ્રાપ્ત થાઓ.
બધાં લોકો એકબીજાને આપવા માટે તથા વહેંચવા માટે તત્પર રહે. બધામાં એકાત્મકતા રહે.
બધાના હૃદયમાં શાંતિ, સદ્ભાવના તથા એકતા રહે.
અહી ઉપસ્થિત બધા દિવ્ય પ્રાણીઓને દિવ્ય પ્રકાશ, દિવ્ય શકિત, દિવ્ય પ્રેમ, દિવ્ય કરુણા, દિવ્ય દયા, દિવ્ય વિવેક, દિવ્ય જ્ઞાન તથા આધ્યાત્મિકતાની સમૃધ્ધિના આશીર્વાદ પ્રાપ્ત થાઓ.અહીંના કાર્યકર્તાઓને દિવ્ય માર્ગદર્શનના આશીર્વાદ મળે જેનાથી તેઓ પોતાનું કાર્ય સંપૂર્ણ સચ્ચાઈ, પ્રમાણિકતા તથા પવિત્ર ભાવથી કરે.
હે ઈશ્વર આપનો આભાર આભાર આભાર.



# આધ્યાત્મિક પ્રાર્થના

## પોતાની આધ્યાત્મિક શકિત વધારવાના હેતુથી તથા પોતાના ઉચ્ચ આત્મા સાથે સંપર્ક સ્થાપિત કરવાના હેતુથી

www.pranaviolethealing.com